# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક,આકૃયુ, વસો કેમ્પસ ખાતે ત્રિ-દિવસીય"મેડિટેશનથિયેરી,ડેમોન્સ્ટ્રેશન પ્રેક્ટિસ અને બોડી-માઇન્ડ ક્લીન્સિંગ" અંગેનો કાર્યક્રમ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, ના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૦૪/૨૦૨૩ થી તા.૧૩/૦૪/૨૦૨૩ના રોજ સવારે ૦૭:૩૦ થી ૦૮:૩૦ કલાકે દરમિયાન ત્રિ-દિવસીય "મેડિટેશન થિયેરી, ડેમોન્સ્ટ્રેશન પ્રેક્ટિસ અને બોડી-માઇન્ડ ક્લીન્સિંગ" અંગેનો કાર્યક્રમ હાર્ટફૂલનેશ મેડિટેશન સેન્ટર, નડીઆદના સંયુક્ત ઉપક્રમે યોજાયો. આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વી.પી. રામાણી, આચાર્યશ્રી અને યુનિટ વડા દ્વારા જીવનમાં હાર્ટફૂલનેશ મેડિટેશનની અગત્યતા વિષે જાણે અને વધુમાં વધુમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ પોતાની દિનચર્યામાં અપનાવે તે બાબતે ખાસ અનુરોધ કર્યો હતો. ત્યારબાદ આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા અને ટ્રેનર તરીકે આમંત્રિત ડૉ. ધર્મેન્દ્ર વાઘમાર અને શ્રી. પારિતોષ દેસાઇ,હાર્ટફૂલનેશ મેડિટેશન સેન્ટર, નડીઆદ (કાન્હા શાંતિ વનમ, હૈદરાબાદ) દ્વારા ધ્યાનની વિધિ, મનની સફાઈ કેવી રીતે કરશો,પ્રાર્થના થકી શરીરનું સ્વ સાથે આંતરીક જોડાણ અને દિવ્ય શક્તિનો અનુભવ અને સંચાર વિગેરે બાબતો અંગે વ્યાખ્યાન અને ડેમોન્સ્ટ્રેશનથકી હાર્ટફૂલનેશ મેડિટેશન કઇ રીતે કરી શકાય અને તેનાથી રોજીદાં જીવનમાં થતા વિવિધ ફાયદાઓ બાબતે માહિતગાર કર્યા હતા. આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, વસોના વિદ્યાર્થીઓ, અધિકારીઓ-કર્મચારીઓ, સહાયક સ્ટાફગણઅને વસાહતી ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ ડૉ. વી.પી. રામાણી, આચાર્યશ્રી અને યુનિટ વડા, કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસોના સીધા નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ. એન. જેગોડા, પ્રોગ્રામ ઓફિસર(NSS) દ્વારાસફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

*************




Staff


Special Programme
on
Heartfulness Meditation Theory, Demonstration Practice &
Body-Mind Cleansing